# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/376 Dt. 27/03/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ અને જીતો સુરત દ્વારા સંયુકતપણે ‘વેલ્થ એક્ષ્પો ૨૦૨૬’નો કર્ટન રેઇઝર સમારોહ યોજાયો

## વેલ્થ એક્ષ્પો તા. ૮થી ૧૦ મે ૨૦૨૬ દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકિઝબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાશે

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (જીતો) સુરત દ્વારા સંયુક્તપણે ગુરૂવાર, તા. ૨૬ માર્ચ, ૨૦૨૬ના રોજ સાંજે ૪:૦૦ કલાકે અમોરે, ડુમસ રોડ, સુરત ખાતે ‘વેલ્થ એક્ષ્પો ૨૦૨૬’ના કર્ટન રેઇઝર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ચેમ્બર હમેશા ઉદ્યોગ અને વેપારના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ રહ્યું છે અને વિવિધ એકિઝબિશન્સ, સેમિનાર તથા નેટવર્કિંગ પ્લેટફોર્મ દ્વારા ઉદ્યોગકારોને નવી તકો ઉપલબ્ધ કરાવી રહ્યું છે. વેલ્થ એક્ષ્પો સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો, રોકાણ અને ઇનોવેશનને પ્રોત્સાહિત કરવા માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

જીતો સુરતના પ્રમુખ શ્રી મિલન પરીખે જણાવ્યું હતું કે, વેલ્થ એક્ષ્પો ૨૦૨૬ સુરત સહિત દક્ષિણ ગુજરાતની અગ્રણી ફાઇનાન્સિયલ ઇન્સ્ટિટ્યુશન્સ, રોકાણકારો, લીઝિંગ કંપનીઓ, ફિનટેક ઇનોવેટર્સ તથા ઉદ્યોગ

નિષ્ણાતોને એક જ મંચ પર લાવી તેઓને પ્લેટફોર્મ પૂરુ પાડશે. આ એક્ષ્પોમાં આધુનિક નાણાકીય પ્રોડકટ્સ, રોકાણની તકો અને નવીન લીઝિંગ સોલ્યુશન્સને પ્રદર્શિત કરવામાં આવશે.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા આયોજિત વિવિધ એક્ઝિબિશન્સ ઉદ્યોગકારોને એક મજબૂત નેટવર્કિંગ પ્લેટફોર્મ પૂરું પાડે છે, જેના દ્વારા નવા વ્યાપારિક સંબંધો વિકસે છે અને વૃદ્ધિના નવા માર્ગો ખુલે છે. વેલ્થ એક્ષ્પોનો ઉદ્દેશ વ્યવસાયિકો, ઉદ્યોગ સાહસિકો અને વ્યક્તિગત રોકાણકારોને સશક્ત બનાવવાનો છે તેમજ તેઓને યોગ્ય નાણાકીય માર્ગદર્શન અને નવી તકો સાથે જોડવાનો છે.

ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ 'વેલ્થ એક્ષ્પો ૨૦૨૬' વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ એક્ષ્પો તા. ૮, ૯ અને ૧૦ મે, ૨૦૨૬ દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાશે.

આ પ્રસંગે ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, ઓલ એક્ઝિબિશન્સ ચેરમેન શ્રી કિરણ ઠુંમર, ગૃપ ચેરમેન શ્રી રાકેશ જૈન અને જીતો સુરતના હોદ્દેદારો તથા કમિટી સભ્યોના શુભહસ્તે વેલ્થ એક્ષ્પો ૨૦૨૬ના કર્ટન રેઇઝરને વિધિવત લોન્ચ કરવામાં આવ્યું હતું.

સમારોહ દરમ્યાન ઓપન ફોરમમાં ઉપસ્થિત ચેમ્બર અને જીતોના સભ્યોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી કમલેશ ગજેરાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.